
# ભારત-અમેરિકા વચ્ચે પરમાણુ કરારના વિવાદનો અંત

## બરાક ઓબામા ભારતના રંગમાં રંગાયા : મોદી સાથે શિખર બેઠક






નવી દિલ્હી,તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બરાક ઓબામાની શાનદાર કેમેસ્ટ્રીના પરિણામ સ્વરુપે પરમાણુ કરાર આડેની અનેક અડચણો આજે આખરે દૂર થઈ હતી. બંને દેશ પરમાણુ સહકાર ઉપર સહમત થયા હતા. મતભેદો દૂર કરવા પણ રાજી થયા હતા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા સુજાતા સિંહે ઓબામા અને મોદી વચ્ચે શિખર બેઠક અને સંયુક્ત પત્રકાર પરિષદ બાદ કહ્યું હતું કે, પરમાણુ ડિલ આડેની અડચણો દૂર થઈ છે. બંને દેશો વચ્ચે જેટ એન્જિનની ડિઝાઈન અને ૧૦ વર્ષ માટે સંરક્ષણ સમજૂતિ થઈ છે. આ ઉપરાંત સંરક્ષણ ક્ષેત્રમાં અનેક મુદ્દાઓ ઉપર સહમતી થઈ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, પરમાણુ જવાબદારી ઉપર પણ સહમતિ થઈ છે. એટમ ઈન્સ્યુરન્સ પુલમાં સામેલ કંપનીઓ ૭૫૦ કરોડ રૂપિયા આપશે. ઓબામાએ સંયુક્ત પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, અમેરિકાની સફળતા માટે ભારતની મિત્રતા મહત્વપૂર્ણ છે. સંરક્ષણ સહયોગ સમજૂતિના નવીનીકરણના નિર્ણય કરાયા છે. ત્રાસવાદ વિરોધી સહકારને વધારવાનો પણ નિર્ણય કરાયો છે. યુક્રેનના સંદર્ભમાં ઓબામાએ કહ્યું હતું કે અમે રશિયાને કમજોર કરવા અથવા તો તેના અર્થતંત્રને ખતમ કરવા ઈચ્છુક નથી. રશિયા સાથે સંઘર્ષનો કોઈ હેતુ નથી. અફઘાનિસ્તાનના લોકો માટે અમે વિશ્વસનીય ભાગીદાર તરીકે છીએ. ભારત સ્વભાવિક સહયોગી તરીકે છે. પરમાણુ સમજૂતિ ઉપર આગળ વધવા તૈયારી થઈ છે. વેપારને ૬૦ અબજ ડોલર સુધી લઈ જવાશે. નમસ્કાર શબ્દ સાથે ઓબામાએ તેમના સંબોધનની શરૂઆત કરી હતી અને ભારતમાં થયેલા સ્વાગતથી ખુશ દેખાયા હતા. મોદીએ કહ્યું હતું કે, ભારત સ્વતંત્ર દેશ છે. તેના ઉપર કોઈ દેશ અથવા વ્યક્તિ દબાણ કરી શકે નહીં. ઓબામા સાથે તેમની મિત્રતા ખુબ મજબૂત થઈ ગઈ છે. ઓબામાની સાથે હોટલાઈન સ્થાપિત થયાની પણ વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, એકલામાં જે વાત થાય છે તે જાહેરમાં આવી જોઈએ નહીં. મોદીએ કહ્યું હતું કે, આતંકવાદની સામે બંને સાથે મળીને લડશે. સંરક્ષણ સંબંધ અને આર્થિક સંબંધ વધુ મજબૂત થશે. હૈદરાબાદ હાઉસમાં પ્રતિનિધિસ્તરની મંત્રણા બાદ સંયુક્ત નિવેદન પણ જારી કરાયું હતું. અગાઉ આજે સવારે અમેરિકી પ્રમુખ બરાક ઓબામા તેમના પત્નિ મિશેલ ઓબામાની સાથે ત્રણ દિવસની ઐતિહાસિક અને યાદગાર ભારત યાત્રાએ દિલ્હી પહોંચી ગયા હતા. દિલ્હી વિમાની મથકે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે પ્રોટોકોલ તોડીને ઓબામાનું સ્વાગત કરવા માટે વિમાની મથકે પહોંચ્યા હતા. નિર્ધારિત કાર્યક્રમ મુજબ સવારે પહોંચી ગયા બાદ એક પછી એક કાર્યક્રમોનો દોર શરૂ થયો હતો. હૈદરાબાદ હાઉસમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ઐતિહાસિક શિખર મંત્રણા થઈ હતી. જેના પર સમગ્ર વિશ્વની નજર કેન્દ્રિત રહી હતી. આ દ્વિપક્ષીય મંત્રણામાં આતંકવાદ, આંતરરાષ્ટ્રીય પરિસ્થિતી, વેપાર, દ્વિપક્ષીય સંબંધોને નવી ઉંચાઈ પર લઈ જવા માટે ચર્ચા કરાઈ હતી. શિખર વાતચીત દરમિયાન ઓબામા અને મોદીએ ચાય પે ચર્ચા પણ બંનેએ કરી હતી. ઓબામા સવારે આવી પહોંચ્યા બાદ રાષ્ટ્રપતિ ભવનમાં તેમનું પરંપરાગતરીતે સ્વાગત કરાયું હતું.

ઓબામા મહાત્મા ગાંધીની સમાધી રાજઘાટ પર પહોંચ્યા હતા અને રાષ્ટ્રપિતાને અંજલિ આપી હતી. ત્યારબાદ રાષ્ટ્રપતિ ભવનમાં પરંપરાગતરીતે સાંસ્કૃતિક કાર્યક્રમો વચ્ચે તેમનું સ્વાગત કરાયું હતું. બરાક ઓબામાને કેટલાક સ્મૃતિચિન્હ રાજઘાટ ઉપર યાત્રા દરમિયાન આપવામાં આવ્યા હતા. રાષ્ટ્રપતિ ભવનમાં ઓબામાને ૨૧ તોપોની સલામી આપવામાં આવી હતી. બાબત મહત્વપૂર્ણ છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં વોશિંગ્ટન ડિસીની તેમની યાત્રા દરમિયાન મોદી અને ઓબામાએ વોશિંગ્ટન પોસ્ટમાં સંયુક્તરીતે લેખ લખ્યા હતા. પ્રથમ વખત કોઈ ભારતીય નેતાએ સંયુક્ત એડિટોરિયલમાં ભાગ લીધો હતો. ૨૬મી જાન્યુઆરીના દિવસે ઓબામા રાજપથ ખાતે બે કલાક સુધી કાર્યક્રમમાં ભાગ લેશે. પ્રજાસત્તાક દિવસે પરેડમાં ઓબામા મુખ્ય મહેમાન બની રહ્યા છે.

### ઓબામાએ શું કહ્યું...

- ૨૧મી સદીમાં અમેરિકાની સફળતા માટે અમેરિકાની સફળતા માટે ભારત સાથે મિત્રતા મહત્વપૂર્ણ
- સંરક્ષણ સહકાર સમજૂતિના નવીનીકરણનો નિર્ણય કરાયો
- આતંકવાદ વિરોધી સહકારને વધુ વધારાશે
- સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતની કાયમી દાવેદારીને અમેરિકા ટેકો આપે છે
- રશિયાને કમજોર કરવા અને તેના અર્થતંત્રને તોડી પાડવાનો અમેરિકાનો કોઈ હેતુ નથી
- કોઈ મોટા દેશ નાના દેશને ધમકી ન આપે તેવો અમેરિકાનો હેતુ છે
- રશિયા સાથે કોઈ લશ્કરી ખેંચતાણ નથી
- અફઘાન મામલે ભારત અને અમેરિકા મજબૂત ભાગીદાર છે
- ભારત સાથે સંબંધો મજબૂત થઈ રહ્યા છે
- ભારત અમારા સ્વભાવિક મિત્ર સાથી તરીકે છે
- ચાય પર અમે ખુબ સારી ચર્ચા કરી હોવાની કબૂલાત
- આવનાર દિવસોમાં બંને દેશો વચ્ચે વાતચીત જારી રહેશે
- વેપારને ૬૦ અબજ ડોલરથી ૧૦૦ અબજ ડોલર સુધી લઈ જવાશે
- બંને દેશ મૂડીરોકાણના ક્ષેત્રે આગળ વધશે
- ભારતમાં પોતાના સ્વાગતથી ખુબ જ ખુશ થયા છે

### નરેન્દ્ર મોદીએ શું કહ્યું...

- ભારત સ્વતંત્ર દેશ છે અને તેના પર કોઈ દેશ અથવા વ્યક્તિનું દબાણ નથી
- ઓબામા સાથે તેમની મિત્રતા એટલી મજબૂત છે કે, પારસ્પરિક મજાક મસ્તી પણ થાય છે
- આ મિત્રતા બરાક અને મોદીને જ નહીં બલ્કે ભારત અમેરિકાને નજીક લાવે છે
- ઓબામા અને તેમની વચ્ચે સીધી હોટલાઈન શરૂ થઈ છે
- એકલામાં જે વાત થાય છે તે પડદામાં રહે તે યોગ્ય છે
- અમેરિકા ચાર બહુપક્ષીય નિકાસ નિયંત્રણ સમૂહમાં ભારતને પૂર્ણ સભ્ય તરીકેનો દરજ્જો અપાવવા કામ કરશે
- આતંકવાદની સામે બંને દેશ મળીને લડશે
- બંને દેશ સાથે મળીને સંરક્ષણ સાધનોના વિકાસ માટે કામ કરશે
- વૈશ્વિક શાંતિ અને સ્થિરતા માટે મળીને કામ કરશે
- કૃષિ, શિક્ષણ અને કૌશલ્ય વિકાસ પર સાથે મળીને કામ કરાશે
- સ્વચ્છ ઉર્જાની દિશામાં પણ કામ કરી રહ્યા છે
- ભારત અને અમેરિકા સાથે મળીને ચાલશે તો તમામ રસ્તા સરળ થશે
- પરમાણુ સમજૂતિમાં સહકાર બદલ મોદીએ ઓબામાનો આભાર માન્યો
- ઓબામા અને મોદી વચ્ચે ખુબ જ સાનુકુળ વાતાવરણમાં ચર્ચા થઈ

# અભૂતપૂર્વ સુરક્ષા વચ્ચે આજે પ્રજાસત્તાક દિવસ ઉજવાશે

નવી દિલ્હી, તા.૨૫

દેશભરમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણીની તમામ તૈયારીઓ આજે પરિપૂર્ણ કરી લેવામા આવી છે. આવતીકાલે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા અને કેટલીક જગ્યાઓએ ઉજવણીનો બહિષ્કાર કરવાની હાંકલ અને ત્રાસવાદી હુમલાની દહેશત વચ્ચે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. મુખ્ય ઉજવણીમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, વડાપ્રધાન નરેન્દર મોદી તથા તેમના કેબીનેટના પ્રધાનો રહેશે. આ વર્ષે અમેરિકી પ્રમુખ બરાક ઓબામા મુખ્યમહેમાન બની રહ્યા છે. પ્રજાસત્તાક દિવસની ઉજવણીને લઈને દિલ્હી એરપોર્ટ, મેટ્રો સ્ટેશનો, રેલવે સ્ટેશન અને બસ સ્ટેશન તથા ધાર્મિક સ્થળો ખાતે ખાસ સુરક્ષા રાખવામાં આવી છે. ઉત્તરપૂર્વમાં અનેક બળવાખોર સંગઠન સક્રિય છે. જેથી અહીં પણ વિશેષ સુરક્ષા રાખવામાં આવી છે. આસામ અને મણિપુરમાં ખાસ સુરક્ષા રાખવામાં આવી છે. તમામ રાજ્યોમાં પોલીસ પેટ્રોલિંગ અને અન્ય પ્રકારની ચકાસણી મજબુત બનાવી દેવામાં આવી છે.

રાષ્ટ્રીય પાટનગર દિલ્હી, જમ્મુ-કાશ્મીર સહિત દેશના તમામ રાજ્યોમાં ઉજવણીને લઈને સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં



આવી છે. આતંકવાદી સંગઠનો તરફથી પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ખલેલ પહોંચાડવાની ચેતવણી આપ્યા બાદ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. સમગ્ર દિલ્હી છાવણીમાં ફેરવાઈ ગયું છે. દેશના અન્ય રાજ્યોમાં પણ મજબૂત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. સાવચેતીના તમામ પગલાં લેવામાં આવ્યાં છે. દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણીની છેલ્લા કેટલાક દિવસથી તૈયારીઓ ચાલી રહી હતી. રિહર્સલનો દૌર ચાલી રહ્યો હતો. સઘન સુરક્ષા માટે જમીનથી હવામાં પ્રહાર કરતી મિસાઈલો તૈનાત કરવામાં આવી છે. દિલ્હી લશ્કરી છાવણીમાં ફેરવાઈ ગયું છે. અધિકારીઓ દેશની લશ્કરી તાકાત અને સાંસ્કૃતિક વિવિધતાને દર્શાવવાના આયોજન કરી ચૂક્યા છે.

દિલ્હીમાં ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સુરક્ષાને ધ્યાનમાં લઈને શહેરમાં અર્ધલશ્કરી દળો અને કર્મચારીઓ તથા એનએસજીના કમાન્ડો સહિત હજારો સુરક્ષા જવાન તૈનાત કરવામાં આવ્યાં છે. હવાઈ સુરક્ષાને ધ્યાનમાં રાખીને દિલ્હીમાં વિમાની સેવા થોડા સમય માટે બંધ રાખવામાં આવશે. ગગનચુંબી ઈમારતોમાં પણ કમાન્ડો તૈનાત કરાયા છે. સૈકડો ક્લોઝ સર્કિટ કેમેરા રાજપથ અને લાલ કિલ્લા વચ્ચે પરેડના સ્થળો પર ગતિવિધિ પર નજર રાખવા ગોઠવી દેવામાં આવ્યા છે. મોબાઈલ ટીમો, વિમાનને ફુંકી મારવામાં સક્ષમ મિસાઈલો, તોપ, કમાન્ડો જુદી જુદી જગ્યાઓએ તૈનાત કરવામાં આવ્યાં છે.

દિલ્હી પોલીસના કમાન્ડો રાયસીના હિલ્સથી લાલ કિલ્લા સુધીના પ્રજાસત્તાક દિવસની પરેડના આઠ કિલોમીટર માર્ગ ઉપર ફરજ બજાવશે. રાજપથ પર બહુસ્તરિય સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. આ વખતે પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ભારતના સૌથી ઘાતક હથિયાર અગ્નિ-પૃથ્વી મિસાઈલોને પરેડમાં રજૂ કરવામાં આવનાર નથી. કારણ કે ગયા વર્ષે આ મિસાઈલો રજૂ કરવામાં આવ્યા બાદ વિશ્વના કેટલાક દેશોએ વિરોધ નોંધાવ્યો હતો. પાકિસ્તાન અને ચીની મીડિયામાં ભારતીય મિસાઈલોના અહેવાલ પણ પ્રકાશિત થયા હતા. બીજી બાજુ આ વખતે અમેરિકી પ્રમુખ બરાક ઓબામા મુખ્ય મહેમાન છે. જેથી ભારત ઈચ્છે છે કે વિશ્વના પત્રકારો સુધી મિસાઈલના ફોટા અને તેના અંગે કોઈ પણ પ્રકારની માહિતી પહોંચે. જેથી મિસાઈલ રજૂ કરવામાં આવશે નહી.

## દિલ્હી ચૂંટણી : કુશ્માદેવીની સંપત્તિ માત્ર ૩૦૦૦ રૂપિયા

નવીદિલ્હી,તા. ૨૫

દિલ્હી વિધાનસભાની ચૂંટણીનો તખ્તો ગોઠવાઈ ચુક્યો છે ત્યારે ઉમેદવારોની સંપત્તિના આંકડા પણ સપાટી ઉપર આવી ચુક્યા છે. શિરોમણી અકાળી દળના ઉમેદવાર મનજીંદર સિરસાની ૧૦૦ કરોડથી પણ વધુ સંપત્તિ હોવાની વિગત સપાટી ઉપર આવી છે. જ્યારે કુસ્માદેવી નામની મહિલા ઉમેદવાર માત્ર ૩૦૦૦ રૂપિયા ધરાવે છે જે દિલ્હીના સૌથી ગરીબ ઉમેદવાર પૈકીના છે. ૩૭ વર્ષીય આ મહિલા ઉમેદવાર ચાર ઘરમાં નોકરાણી તરીકે કામ કરે છે અને અપક્ષ ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતરી છે. ફોર્મ ખરીદવા માટે ૧૦૦ રૂપિયા ઉછીના લીધા બાદ આરકેપુરમમાંથી તે ફોર્મ ભરી ચુકી છે. તેમનો એક માત્ર મુદ્દાનો એજન્ડા પાટનગર દિલ્હીમાં નાનકપુરાના શ્રીરામ જેજે સ્લમ કલસ્ટરમાં લોકોની રહેલી હાલતને સુધારવાનો છે. સેનિટેશન અને યોગ્ય પાણી પુરવઠાની સુવિધા પણ આ વિસ્તારમાં દેખાઈ રહી નથી. નિવાસીઓ માટે મૂળ સુવિધાનો અભાવ દેખાઈ રહ્યો છે. અપક્ષ ઉમેદવાર તરીકે તેઓ મેદાનમાં ઉતર્યા છે. ૩૭ વર્ષીય ઉમેદવારનું કહેવું છે કે, ચાર ઘરમાં કામ કર્યા બાદ તેઓ ખુબ જ થાકી જાય છે. ચૂંટણી પ્રચારની તેઓ શરૂઆત કરી શક્યા નથી. ભાજપ અને એએપી અને કોંગ્રેસના ઉમેદવારો સામે ટક્કર લેવાની યોજના આ મહિલા ઉમેદવાર ધરાવે છે પરંતુ આશાવાદી દેખાઈ રહ્યા છે. સંપત્તિની વિગતો દિલ્હીમાં ચૂંટણી કાર્યક્રમોની વિગત જાહેર થયા બાદ સપાટી ઉપર આવી રહી છે. દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી ૭મી ફેબ્રુઆરીના દિવસે એક જ તબક્કામાં યોજાશે. તેમનું કહેવું છે કે, વિકાસની પ્રવૃત્તિ સામાન્ય લોકો સુધી પહોંચી નથી. સામાન્ય લોકો સુધી તમામ સુવિધા પહોંચે તેની પાછળ તેમનો મુખ્ય હેતુ રહેલો છે. દિલ્હીમાં ચૂંટણીને લઈને ભાજપ અને એએપી વચ્ચે મુખ્ય સ્પર્ધા રહેલી છે.

## આજે પ્રજાસત્તાક દિવસે દેશમાં બજાર બંધ રહેશે

નવીદિલ્હી,તા. ૨૫

બુલિયન અને મેટલ સહિત તમામ હોલસેલ કોમોડીટી માર્કેટ આવતીકાલે પ્રજાસત્તાક દિવસના પ્રસંગે બંધ રહેશે. પ્રાપ્ત અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે બોમ્બે સ્ટોક એક્સચેંજ, નેશનલ સ્ટોક એક્સચેંજ, ફોરેક્સ અને કોમોડીટ ફ્યુચર માર્કેટ પણ બંધ રહેશે. કારોબારીઓ આવતીકાલે બજારથી દુર રહેશે.

## આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકનો ભીષણ ગોળીબાર

જમ્મુ,તા. ૨૫

અમેરિકી પ્રમુખ બરાક ઓબામા ભારતમાં ઐતિહાસિક યાત્રાએ પહોંચે તેના કલાકો પહેલા જ પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ફરી ગોળીબાર કર્યો હતો જેના પરિણામ સ્વરુપે બીએસએફના જવાનોને જોરદાર ગોળીબાર કરવાની ફરજ પડી હતી. એક પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે, પાકિસ્તાની રેન્જર્સે જમ્મુ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર આરએસપુરા સરહદી પટ્ટામાં જોબવાન સરહદી ચોકી ઉપર જોરદાર ગોળીબાર કર્યો હતો. વારંવાર ગોળીબાર કરાયો હતો. જેના જવાબમાં ભારતને પણ કાર્યવાહી કરવાની ફરજ પડી હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ ૨૫મી અને ૨૫મી જાન્યુઆરીની રાત્રે આ ગોળીબાર કરાયો હતો. વહેલી પરોઢે એક વાગ્યાની આસપાસ ગોળીબાર કરાયો હતો. બીએસએફના જવાનોએ પરિસ્થિતિ ઉપર નજર રાખીને સંયમ રાખ્યો હતો પરંતુ ગોળીબાર જારી રહેતા જવાબી કાર્યવાહી કરી હતી. જો કે, આમા જાનમાલનું નુકસાન થયું નથી. ૨૨મી જાન્યુઆરીના દિવસે પાકિસ્તાની રેન્જર્સ અને બીએસએફના જવાનો વચ્ચે સામસામે જોરદાર ગોળીબાર થયો હતો. કેટલાક લોકોની શંકાસ્પદ હિલચાલ દેખાયા બાદ ભારતીય જવાનોએ ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાની સૈનિકોએ આના જવાબમાં કાર્યવાહી કરી હતી. સાંબા જિલ્લામાં આઈબી સરહદ પર પણ સતત ગોળીબાર કરવામાં આવ્યો હતો. ૨૧મી જાન્યુઆરીના દિવસે બીએસએફે અરણિયા સબ સેક્ટરમાં ઘુસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો.

પાકિસ્તાની રેન્જર્સે ૨૦મી જાન્યુઆરીના દિવસે પણ યુદ્ધ વિરામનો ભંગ કર્યો હતો. સતત ગોળીબાર કરવામાં આવી રહ્યો છે જેના કારણે સરહદ ઉપર વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે.

## રેટમાં વધુ ૧૦૦ બેઝિક પોઈન્ટ સુધી ઘટાડો થશે

નવીદિલ્હી,તા. ૨૫

ફુગાવાને નિયંત્રણમાં લેવામાં સફળતા મળી રહી છે ત્યારે રીઝર્વ બેંક વર્ષ ૨૦૧૫માં વ્યાજ દરમા વધુ ૭૫-૧૦૦ બેઝિક પોઈન્ટ સુધીનો ઘટાડો કરી શકે છે. પરંતુ વૈશ્વિક ફંડ પ્રવાહના કારણે ડોલરની સામે રૂપિયામાં ઉતારચઢાવની સ્થિતી રહી શકે છે. જાણીતા બેન્કર ઉદય કોટક દ્વારા આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું હતું કે આરબીઆઈ કેલેન્ડર વર્ષ ૨૦૧૫માં વધુ ૭૫-૧૦૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવી શકે છે. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ વાર્ષિક બેઠકમાં હાજરી આપવા માટે દાવોસ પહોંચેલા કોટકે કહ્યું હતું કે રેટમાં કાપ કુલ કેટલો રહેશે તે અંગે વાત કરવી મુશ્કેલ છે. કરેન્સીને મજબુત કરવાની બાબત પડકારરૂપ રહેશે.

## વર્ષ ૨૦૨૦ સુધી ૩૦ કરોડ લોકોને સ્કીલ ટ્રેનિંગ અપાશે

નવી દિલ્હી,તા. ૨૫

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર વર્ષ ૨૦૨૦ સુધી ૩૦ કરોડ ભારતીય લોકોને સ્કીલ ટ્રેનિંગ આપવા માટે કટિબદ્ધ છે. આનો મતલબ એ થયો કે દરેક ચાર ભારતીય પૈકી એકને સ્કીલ ટ્રેનિંગ આપવામાં આવનાર છે. નવી નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ પોલીસી ટુંક સમયમાં જ રજૂ કરવામાં આવનાર છે. આ પોલીસીના ભાગરૂપે તમામને નોકરી મળે તે માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે. નોકરીની ખાતરી કરવા માટે ૨૦૨૦ સુધી ૩૦ કરોડ ભારતીય લોકોને સ્કીલ ટ્રેનિંગ આપવામાં આવનાર છે. સ્કીલ ડેવલપમેન્ટ અને શ્રમ પ્રધાનો સાથેની બેઠકમાં આ મુદ્દે હાલમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. બેઠકમાં એવી કબુલાત પણ કરવામાં આવી હતી કે ટાર્ગેટને હાંસલ કરવાની બાબત ખુબ જ પડકારરૂપ છે. હાલમાં સરકાર પાસે રહેલા સંશાધનોનો ઉપયોગ કરીને સ્કીલ ટ્રેનિંગ આપવાની વાત ચાલી રહી છે. કેન્દ્રિય સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રાઈઝ સાથે સંબંધિત પ્રધાન રાજીવ પ્રતાપ રૂડીએ કહ્યું હતું કે આશરે ૩૦ કરોડ લોકોને ટ્રેનિંગ આપવામાં આવનાર છે.

### સમાચાર ઝલક

- કડીની ૩૫ લાખની લુંટના ગુનેગારો ઝડપાયા. રીમાન્ડ લેવાયા.
- બાવળા નજીક કામધેનું યુનિવર્સિટી બનશે.
- ગુજરાતમાં ઘટતા જતા ગૌચર જમીનનો વિકલ્પ શોધવા રાજયપાલશ્રીનું સુચન.
- કચ્છ સરહદે આતંકવાદી વિરોધી તાલીમ સંસ્થા સ્થપાશે.
- ગાંધી નિર્વાણ દિને સમગ્ર ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં ચિત્ર સ્પર્ધા યોજાશે.
- ૨૬મી એપ્રિલથી બદ્રીનાથના દર્શન શરૂ થશે.
- મહારાષ્ટ્ર સરકાર લંડનમાં ડો. બાબા સાહેબ આંબેડકરના નિવાસસ્થાનને ખરીદી સ્મારક બનાવશે.
- હૈદરાબાદમાં રામોજી સ્ટુડીયોમાં ૧૦૮ મંદિરનું કોમ્પ્લેક્ષ બનાવાયું.
- પ્રથમવાર મહિલા કમાન્ડર પુજા ઠાકોર દ્વારા અમેરિકન પ્રમુખશ્રીને ગાર્ડ ઓફ ઓનર અપાયું.
- દિલ્હીના મુખ્યમંત્રીશ્રીના ઉમેદવાર શ્રીમતી કિરણ બેદીએ મારી સલાહ લીધી નથી - અણ્ણા હજારે.
- બાંગ્લાદેશમાં હિંસક અથડામણથી ૨૪નાં મૃત્યુ.